# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-04-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

-----------------------------------

**(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**હવે પછી સાંજે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.**

# PAHALGAM DEATH BHAVNAGAR CM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પહેલગામમમાં થયેલાં આતંકી હુમલામાં મૃત્યુ પામેલા ભાવનગરના સ્વર્ગસ્થ પિતા-પુત્રને આજે તેમના ઘરે જઈ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ભાવનગરના યતીશભાઈ પરમાર અને તેમના પુત્ર સ્મિત પરમારનાં મૃતદેહને મોડી રાત્રે ભાવનગર ખાતે લાવવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રીએ શોક સંતૃપ્ત પરિવારજનોને ઘરે જઈ પરિવારજનોને સાંત્વના પાઠવી સંવેદના વ્યક્ત કરી હતી.

આતંકવાદી હુમલામાં માર્યા ગયેલાં પિતા-પુત્રના મૃતદેહોને ફ્લાઈટમાં શ્રીનગરથી મુંબઈ અને મુંબઈથી અમદાવાદ લાવવામાં આવ્યા હતા. અમદાવાદથી રોડ માર્ગે બન્ને મૃતદેહને ગઈ મધ્યરાત્રીએ ભાવનગર લવાયા હતા.

મુખ્યમંત્રીશ્રીની સાથે કેન્દ્રિય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણીયા, કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયા સહિતના અગ્રણીઓએ મૃતક પિતા-પુત્રને શ્રદ્ધાંજલિ અર્પણ કરી આ દુ:ખની ઘડીમાં સહભાગી બન્યા હતા.

. . . . . . . . . . . .

# PAHALGAM DEATH SURAT

પહલગામમમાં આતંકવાદી હૂમલામાં માર્યા ગયેલા મુળ સુરતના વતની શૈલેષ કળથિયાનાં આજે  અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. ગઈ કાલે રાત્રે તેમનાં પાર્થિવ શરીરને તેમનાં ઘરે લવાયો હતો.

મોટા વરાછાના નિવાસ્થાને પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

શૈલશભાઇની અંતિમયાત્રામાં કેન્દ્રીય મંત્રી સીઆર પાટીલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી જોડાયા હતા.

. . . . . . . . . . . .

## MEHSANA-CM

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય પંચાયત દિવસ અને પંચાયત એડવાન્સમેન્ટ ઇન્ડેક્સનો રાજયકક્ષાનો કાર્યક્રમ મહેસાણા જીલ્લાના આખજમાં યોજાઇ ગયો જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સંબોધિત કરતાં  મુખ્યમંત્રીએ કહ્યું કે, છેવાડાના માનવી  મુખ્ય પ્રવાહમાં આવે તે માટે સરકાર પ્રયત્નશીલ છે અને તે માટે ગ્રામ્ય સ્તરે મુખ્ય જે વ્યવસ્થાઓ પહોંચે તે દિશામાં સરકાર કામ કરી રહી છે.

. . . . . . . . . . . .

## HELPLINE NUMBER

જમ્મુ કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકી હુમલાના પગલે ત્યાં પ્રવાસમાં ગયેલા ગુજરાતના પરિવારોની સુરક્ષા અને સલામતી માટે રાજ્ય સરકારે સ્ટેટ ઇમર્જન્સી ઓપરેશન સેન્ટર ખાતે બે હેલ્પલાઇન નંબર શરૂ કર્યા છે.

યાત્રિકો અને તેમના પરિવારજનો લેન્ડલાઈન નંબર 079-23251900 અને મોબાઈલ નંબર 99784 05304 પર સંપર્ક કરીને સુરક્ષા વિષયક બાબતો તેમજ ગુજરાત પરત ફરવા અંગે સંકલન સાધી શકશે, તેમજ જરૂરી મદદ મેળવી શકાશે.

રાજ્યના બધા પ્રવાસીઓ હેમખેમ વતનમાં પરત ફરે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ અનુસાર રાજ્ય સરકાર જરૂરી વ્યવસ્થાઓ કરી રહી છે.

. . . . . . . . . . . .

# KAMDHENU UNIVERSITY

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં આજે કામધેનુ યુનિવર્સિટીનો પદવીદાન સમારોહ યોજાયો.

આ પ્રસંગે કામધેનુ યુનિવર્સિટીના 742 વિદ્યાર્થીઓને પદવી અને 105 વિદ્યાર્થીઓને ચંદ્રક એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે કામધેનુ યુનિવર્સિટીના અભ્યાસથી વિદ્યાર્થીઓ ગ્રામ્ય જીવનનાં વિકાસમાં નવું પગલું ભરશે. તેમણે જણાવ્યું કે, પ્રાકૃતિક ખેતીની નવી પહેલ આશીર્વાદરૂપ બનશે. પશુપાલન અને ડેરી ઉદ્યોગ માં દિનપ્રતિદિન પ્રગતિ થઈ રહી છે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે, દેશની ઉન્નતિ માટે પ્રાકૃતિક ખેતી અનિવાર્ય છે, તેમણે જણાવ્યું કે, ભારતીય સંસ્કૃતિમં આહારનું અનેરું મહત્વ છે અને શાકાહારી ભોજનનો શરીર પર પ્રભાવ પડે છે.

કાશ્મીરમાં ત્રાસવાદી હૂમલામાં મૃતકોનાં આત્માની શાંતિ માટે બે મિનિટનું મૌન પાળીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

. . . . . . . . . . . .

# Jagdish Vishwakarma Account Hacked

સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માનું એક્સ એકાઉન્ટ હેક કરવામાં આવ્યું છે. શ્રી વિશ્વકર્માએ એક યાદીમાં જણાવ્યું છે કે, કેટલાંક શખ્સોએ આ કૃત્ય દ્વારા નાગરિકો અને કાર્યકર્તાઓમાં ગેરસમજ ફેલાવવાનો પ્રયાસ કર્યો છે.

આ અંગે રાજ્ય સાયબર ક્રાઇમ વિભાગમાં અધિકૃત ફરિયાદ નોંધાવવામાં આવી છે. સાઇબર ગુના નિષ્ણાતો આ અંગે તપાસ કરી રહ્યા છે.

. . . . . . . . . . . .

# MEHSANA-PHC

મહેસાણા જિલ્લામાં નવા ત્રણ પી.એચ.સી કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યા છે. વિસનગર તાલુકાના કમાના ગામ ખાતે, મહેસાણા તાલુકાના મેઉ ગામ ખાતે તેમજ વિજાપુર તાલુકાના જત્રાલ ગામ ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને મંજુરી આપવામાં આવી છે.

હવે જિલ્લામાં પીએચસી કેન્દ્રોની સંખ્યા વધીને 68 થઈ છે. આ સુવિધાને કારણે ગ્રામ્ય વિસ્તારનાં લોકોને ગામ માં જ આરોગ્ય સુવિધાનો લાભ મળશે.

. . . . . . . . . . . .

# GODHARA BUS STOP

પહેલી મે 2025નાં રોજ ગુજરાત સ્થાપના દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે યોજાનાર હોવાથી ટ્રાફિક વ્યવસ્થા ન ખોરવાય તેવા હેતુથી તારીખ 29 એપ્રિલે રાત્રે 12:00

વાગ્યાથી તારીખ પહેલી મે રાત્રે 12 વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન ગોધરા લાલબાગ બસ સ્ટેન્ડને ભુરાવાવ ખાતે આવેલી વિભાગીય કચેરી સામે આવેલ એસટી વર્કશોપ ખાતે ખસેડવામાં આવશે.

. . . . . . . . . . . .